# الإسلام - نبذة موجزة عن الإسلام
# (مجردة من الأدلة) (للجمعية)

"બિસ્મિલ્લાહિર્ રહમાનિર્ રહીમ" અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

## ઇસ્લામ

## પવિત્ર કુરઆન અને અલાહના પયગંબર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની સુન્નતના પ્રકાશમાં ઇસ્લામનો પરિચય આપતી એક સંક્ષિપ્ત પત્રિકા

(પુરાવા વગરની આવૃત્તિ)[1]

આ એક ખુબ જ મહ્ત્વપૂર્ણ પત્રિકા છે, જે ઇસ્લામના સંક્ષિપ્ત પરિચય ઉપર આધારિત છે, જે ઇસ્લામના નિયમો, શિક્ષાઓ, અને તેની ખૂબીઓને તેના મૂળ સ્ત્રોત અર્થાત્ કુરઆન અને હદીષના સંદર્ભમાં સ્પષ્ટ રીતે વર્ણન કરવામાં આવ્યા છે, આ પત્રિકા દરેક પરિસ્થિતિ અને સંજોગોનુસાર અને દરેક શહેરના મુસલમાનો અને બિન-મુસ્લિમોને તેમની પોતાની ભાષામાં સંભોધિત કરે છે.

[1] નીચે આપેલ વેબસાઈટ પર આ પુસ્તકની બીજી એક નલક ઉપલબ્ધ છે, જેમાં દરેક મુદ્દા પર કુરઆન અને હદીષ માંથી દલીલો અને પુરાવા રજૂ કરવામાં આવ્યા છે:
https://islamhouse.com/ar/books/2830071.

૧. ઇસ્લામ દરેક લોકો માટે અલ્લાહનો અંતિમ અને શાશ્વત સંદેશ છે.

૨. ઇસ્લામ કોઈ ખાસ જ્ઞાતિ અથવા કોઈ કોમ માટેનો દીન નથી, પરંતુ સમગ્ર માનવજાતી માટે અલ્લાહનો દીન (ધર્મ) છે.

૩. ઇસ્લામ, પાલનહાર તરફથી આવેલ એક એવો દીન છે, જે પાછળના દરેક પયગંબરોના આદેશોને પૂર્ણ કરવા માટે આવ્યો છે.

૪. દરેક પયગંબરો તેમના પર સલામતી થાય, તેમનો દીન એક જ હતો, પરંતુ તેમની શરીઅતો (ધાર્મિક કાયદા) અલગ અલગ હતી.

૫. ઇસ્લામ ઈમાન તરફ આમંત્રિત કરે છે, જેની તરફ દરેક પયગંબરોએ લોકોને આમંત્રિત કર્યા હતા, જેમાં નૂહ, ઈબ્રાહીમ, મૂસા, સુલૈમાન અને દાવુદ અલૈહિમુસ્ સલામ હતા, કે તમારો પાલનહાર તે જ અલ્લાહ છે, જે પેદા કરનાર, રોજી આપનાર, જીવિત કરનાર, મૃત્યુ આપનાર સમગ્ર સૃષ્ટિનો માલિક છે, તે જ છે, જે કાર્યોની વ્યવસ્થા કરે છે, અને તે અત્યંત માયાળુ અને દયાળુ છે.

૬. પવિત્ર અલ્લાહ તઆલા જ સર્જનહાર છે, તે જ ઈબાદતને લાયક છે, અને એ કે તેની સાથે અન્યની ઈબાદત (પૂજા) કરવામાં ન આવે.

૭. બ્રહ્માંડની દરેક વસ્તુ, જેને આપણે જોઈ શકીએ છીએ અથવા જેને જોઇ શકતા નથી, તેનો સર્જક તે અલ્લાહ જ છે, તેના સિવાય જે કંઈ પણ છે, તે અલ્લાહનું જ સર્જન છે, અને અલ્લાહએ આકાશો અને જમીનને છ દિવસમાં પેદા કર્યા છે.

૮. શાસન, સર્જન, વ્યવસ્થા અને ઈબાદતમાં પવિત્ર અલ્લાહનો કોઈ ભાગીદાર નથી.

૯. અલ્લાહ તઆલા પવિત્ર છે, ન તો તેનો જન્મ થયો અને ન તો તેણે સ્વંય કોઈને જન્મ આપ્યો છે, અને તેના જેવું કોઈ જ નથી.

૧૦. પવિત્ર અને ઉચ્ચ અલ્લાહ તેના સર્જન માંથી કોઈ વસ્તુ અથવા કોઈના શરીરમાં હુલૂલ (અવતાર) લેતો નથી.

૧૧. પવિત્ર અને ઉચ્ચ અલ્લાહ પોતાના બંદાઓ માટે ખૂબ જ માયાળુ અને દયાળુ છે, એટલા માટે જ તેણે પયગંબરો મોકલ્યા અને કિતાબો ઉતારી.

૧૨. અલ્લાહ જ પાલનહાર અને દયાળુ છે, તે એકલો જ કયામતના દિવસે દરેક લોકોનો હિસાબ લેશે, જ્યારે લોકોને તેમની કબરો માંથી ઉભા કરવામાં આવશે, અને દરેક લોકોને તેમના સારા અને ખરાબ કાર્યોનો બદલો આપશે, બસ! જે વ્યક્તિએ ઈમાનની સ્થિતિમાં નેકીઓ કરી હશે, તેના માટે હંમેશા બાકી રહેવાવાળી નેઅમત એટલે કે જન્નત હશે, અને જેણે કુફ્ર કર્યું અને ખરાબ કૃત્યો કર્યા હશે, તો તેના માટે આખિરતમાં ભવ્ય અઝાબ હશે.

૧૩. પવિત્ર અને ઉચ્ચ અલ્લાહએ આદમને માટી વડે પેદા કર્યા, તેમના પછી તેમના સંતાનને પેદા કર્યા, દરેકે દરેક લોકોનું મૂળ એક જ છે, કોઈ પણ ખાનદાન અથવા કોમને બીજા ખાનદાન અથવા કોમ પર કંઈ પણ પ્રકારની પ્રતિષ્ઠિતા આપવામાં આવી નથી, જો પ્રતિષ્ઠતા હશે તો ફક્ત તકવા (અલ્લાહના ડર) ના આધારે.

૧૪. દરેક બાળક પ્રકૃતિ, અર્થાત્ મુસલમાન થઇ જ જન્મે છે.

૧૫. કોઈ પણ વ્યક્તિ ગુનેગાર બની પેદા નથી થતો અને ન તો કોઈ વ્યક્તિ બીજાના ગુનાહનો ઉત્તરાધિકારી હોય છે.

૧૬. ઇન્સાનને પેદા કરવાનો હેતુ: ફક્ત એક અલ્લાહની ઈબાદત કરવી છે.

૧૭. ઇસ્લામે દરેક વ્યક્તિને -ભલેને તે પુરુષ હોય કે સ્ત્રી- સન્માન આપ્યું છે, તેમના દરેક અધિકારોની ખાતરી આપી છે, અને તેને પોતાને જ દરેક અધિકારો, કાર્યો અને તેની વ્યવસ્થા બાબતે જવાબદાર બનાવ્યો છે, તે દરેક કાર્યની જવાબદારી તેને સોંપવામાં આવી છે, જેના કારણે તેને પોતાને નુકસાન પહોંચે અથવા કોઈ બીજાને નુકસાન પહોંચતું હોય.

૧૮. ઇસ્લામ દરેક પુરુષ અને સ્ત્રીને અધિકાર, બદલા અને સવાબ (પુરષ્કાર) બાબતે સમાનતા આપે છે.

૧૯. ઇસ્લામે સ્ત્રીઓને સન્માન આપી અને તેણીઓને પુરુષોનો જ એક ભાગ બતાવ્યો અને તેમના ખર્ચાની જવાબદારી પુરુષોને સોંપી, જો તે સક્ષમ હોય, દીકરીના ખર્ચની જવાબદારી તેના પિતા પર, માતાના ખર્ચની જવાબદારી તેના પુખ્તવયના જવાબદાર દીકરા ઉપર, અને પત્નીના ખર્ચની જવાબદારી તેના પતીને સોંપી છે.

૨૦. મૃત્યુ હંમેશા માટે ખત્મ થઈ જવાનું કારણ નથી, પરંતુ મૃત્યુ તો જીવનમાં કરેલ અમલોના બદલા મળવા તરફ લઈ જાય છે, મૃત્યુ શરીર અને આત્મા બન્નેને આવે

છે, આત્માનું મૃત્યુનો અર્થ શરીરથી અલગ થઈ જવું છે, કયામતના દિવસે આત્મા પોતાના તે જ શરીરમાં પાછી ફેરવવામાં આવશે, જેમાંથી તે નીકળી હતી, આત્મા મૃત્યુ પછી અન્ય બીજા શરીરમાં  સ્થાનાંતરિત થતી નથી, અને ન તો કોઈ અન્ય શરીરમાં પ્રવેશ કરે છે.

૨૧. ઇસ્લામ માનવીને ઈમાન લાવવા તરફ આમંત્રિત કરે છે, ઇમાનના સૌથી મહત્વના નિયમો માંથી અલ્લાહ પર ઈમાન લાવવું, તેના ફરિશ્તાઓ પર ઈમાન લાવવું, અલ્લાહ તરફથી ઉતારવામાં આવેલ આકાશી કિતાબો પર ઈમાન લાવવું, જેમ કે તૌરાત, ઇન્જીલ, ઝબૂર, તેમાં ફેરફાર થયા પહેલાની કિતાબો પર, અને કુરઆન મજીદ, તેમજ સંપૂર્ણ પયગંબરો અને નબીઓ પર ઈમાન લાવવું, અને પયગંબરીની શ્રુખલાની અંતિમ કડી મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ પર ઈમાન લાવવું, આખિરતના દિવસ પર ઈમાન લાવવું, અને આપણે જાણીએ છીએ કે આ દુનિયાનું જીવન ખત્મ થવાવાળુ છે, તો પછી જીવન અને તેની પ્રાપ્તિ વ્યર્થ છે, અને તકદીર પર ઈમાન લાવવું.

૨૨. દરેક પયગંબરો અલ્લાહના સંદેશાને પહોંચાડવા બાબતે તેમજ તે દરેક વસ્તુ બાબતે નિર્દોષ અને નિષ્પાપ

છે જેને માનવ બુદ્ધિ અને સાચી પ્રકૃતિ નકારે છે, તેઓ અલ્લાહના આદેશો લોકો સુધી પહોંચાડવા બાબતે જવાબદાર છે, તેમનામાં પાલનહાર અને સાચા પૂજ્ય હોવાના કોઈ પણ ગુણ નથી, પરંતુ તે તો દરેક લોકોની જેમ ફક્ત માનવી જ છે, જેમની તરફ અલ્લાહ તઆલાએ પોતાના આદેશોની વહી કરે છે.

૨૩. ઇસ્લામ ઈબાદતના ભવ્ય નિયમો સાથે ફક્ત એક અલ્લાહની ઈબાદત કરવાનો આદેશ આપે છે, અને તે નિયમો આ પ્રમાણે છે: નમાઝ, જેમાં કિયામ રુકૂઅ, સિજદો, અલ્લાહનો ઝિક્ર, અલ્લાહના વખાણ અને દુઆનો સમાવેશ થાય છે, જેને માનવી રાત દિવસમાં પાંચ વખત પઢતો હોય છે, નમાઝ પઢતી વખતે માલદાર, ફકીર, રાજા, પ્રજા, સૌ એક જ સફમાં ઉભા થઇ જાય છે, અને એવી જ રીતે ઝકાત, માલની સામાન્ય રકમ, જે અલ્લાહએ નક્કી કરેલ શરતો અને નિયમો પ્રમાણે વર્ષમાં એક વખત માલદારો પાસેથી લેવામાં આવે છે, અને અનાથ તેમજ લાચાર લોકોને આપવામાં આવે છે, એવી જ રીતે રોઝો પણ તે નિયમો માંથી છે, રોઝો, રમઝાનના પવિત્ર મહિનામાં માનવી દિવસે ખાવા-પીવાથી રુકી જાય છે, જે માનવીના હૃદયમાં ઇચ્છાશક્તિ

અને ધૈર્ય ઉત્પન્ન કરે છે, હજ પણ તે જ નિયમો માંથી છે, આ ઈબાદત જીવનમાં એક જ વખત કરવી તે વ્યક્તિ માટે જરૂરી છે, જે વ્યક્તિ શરીરિક અને આર્થિક રીતે મક્કહ શહેરમાં કાબાની ઝિયારત કરવા પર સક્ષમ હોય, આ એક એવી ઈબાદત છે, જેમાં દરેક લોકો અલ્લાહ તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં સમાન થઇ જાય છે અને તેને કરતી વખતે સંપૂર્ણ ગુણવત્તા અને પ્રતિષ્ઠતા, ભેદભાવ ખત્મ થઇ જાય છે.

૨૪. ઇસ્લામની દરેક ઈબાદતોની ખૂબી એ છે કે દરેક ઈબાદતનો તરીકો, તેનો સમય તેની શરતો ફક્ત અલ્લાહ તઆલાએ જ નક્કી કરી છે, જેને આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ અલ્લાહ તઆલાના આદેશ મુજબ જ આપણા સુધી પહોંચાડી, તેમાં વધઘટ કરવા માટે કોઈ પણ માનવી આ જ સુધી દખલગીરી કરી શક્યો નથી અને આગળ પણ નહીં કરી શકે, આ દરેક ઈબાદતો તે પ્રમાણે જ છે, જે રીતે દરેક પયગંબરો પોતાની કોમ સુધી પહોંચાડી છે.

૨૫. ઇસ્લામના પયગંબરનું નામ મુહમ્મદ બિન્ અબ્દુલ્લાહ છે, જેઓ ઇસ્માઇલ બિન્ ઈબ્રાહીમ અલૈહિસ્ સલામના ખાનદાન માંથી છે, આપનો જન્મ મક્કહ

શહેરમાં ૫૭૧ ઈસવીમાં થયો, ત્યાં જ તેમને પયગંબરી આપવામાં આવી, પછી હિજરત કરી મદીનહ આવ્યા, આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ મૃતિઓની ઈબાદત કરવામાં પોતાની કોમનો કોઈ પણ પ્રકારનો સાથ ન આપ્યો, પરંતુ અન્ય ભલાઈના કાર્યોમાં ઘણો સાથ આપ્યો, આપ પોતાની પયગંબરી પહેલા પણ ઉચ્ચ અખ્લાક ધરાવતા હતા, એટલા માટે જ લોકો આપને સાદિક (સાચા) અને અમીન (અમાનતદાર) ના ઉપનામથી જાણતા હતા, જ્યારે આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની ઉંમર ચાળીસ વર્ષની થઈ, તો અલ્લાહ તઆલાએ આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમને નુબૂવ્વત આપી, અને ઘણા મુઅજિઝા વડે આપની મદદ કરી, સૌથી ભવ્ય અને મહત્વનો મુઅજિઝો કુરઆન મજીદ છે, અને આ જ કુરઆન દરેક પયગંબરોનો પણ ભવ્ય મૂઅજિઝો છે, અને આજ સુધી બાકી રહેવાવાળો, અને તેમની સૌથી મોટી નિશાની પણ એ જ છે, પછી જ્યારે અલ્લાહ તઆલાએ પોતાના દીન અને શરીઅત પુરી કરી અને પયગંબર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ સંપૂર્ણ અમાનતદારી સાથે તેને પોતાની ઉમ્મત સુધી પહોંચાડી દીધી, તો ૬૩ વર્ષની ઉંમરે આપની વફાત (મૃત્યુ) થઈ,

અને મદીનહ શહેરમાં દફન કરવામાં આવ્યા, અલ્લાહના પયગંબર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ પયગંબરોની શ્રુખલામાં અંતિમ પયગંબર હતા, જેમને અલ્લાહ તઆલાએ હિદાયત અને સાચા દીન સાથે એટલા માટે મોકલ્યા હતા, કે આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ દુનિયાના લોકોને મૃતિપૂજા અને કુફ્ર તેમજ અજ્ઞાનતા માંથી કાઢી તૌહીદ અને ઈમાનના પ્રકાશ તરફ  લાવે, અલ્લાહ તઆલાએ આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના વિશે સાક્ષી આપી કે તેમને પોતાના આદેશથી પોતાનો પયગંબર બનાવી મોકલ્યા હતા.

૨૬. અલ્લાહના પયગંબર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની શરીઅત દરેક અલ્લાહના આદેશો અને ઈલાહી શરીઅતોની અંતિમ તબક્કો છે, તે એક એવી સંપૂર્ણ અને સચોટ શરીઅત છે, જેમાં લોકોની દીન અને દુનિયાનો સુધારો અને સફળતા બન્ને છે, આટલું જ નહીં પરંતુ આ લોકોના દીન અને ધર્મો, લોહી અને માલ અને બુદ્ધિ તેમજ સંતાનોની દેખરેખ રાખનાર પણ છે, તેણે પાછળની શરીઅતોને પણ એવી રીતે ખત્મ કરી દીધી, જેવું કે પહેલાની એક શરીઅત તેના પછી આવનારી શરીઅતનો રદ કરે છે.

૨૭. અલ્લાહ તઆલા પાસે ઇસ્લામ સિવાય કોઈ દીન સ્વીકાર્ય નથી, જે પયગંબર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ લઈને આવ્યા, અને જે ઇસ્લામ સિવાય બીજા કોઈ દીનને સ્વીકારશે, તેને કબૂલ કરવામાં નહીં આવે.

૨૮. કુરઆન મજીદ અલ્લાહની તે કિતાબ છે, જેને અલ્લાહએ પોતાના પયગંબર અને રસૂલ પર વહી દ્વારા ઉતાર્યું, તે ખરેખર સમગ્ર સૃષ્ટિના પાલનહારની વાણી છે, અલ્લાહ તઆલાએ દરેક માનવીઓ અને જિન્નાતોને પડકાર આપ્યો કે તે કુરઆન જેવી કોઈ કિતાબ અથવા તેના જેવી એક સૂરત બનાવી લાવે, પરંતુ તે પડકારનો જવાબ આજ સુધી કોઈએ નથી આપ્યો, જેના કારણે લાખો લોકો આશ્ચર્યચકિત છે, કુરઆન મજીદ આજે પણ અરબી ભાષામાં સુરક્ષિત છે, તેનો એક શબ્દ પણ ઓછો નથી થયો, જે મુદ્રિત અને પ્રકાશિત કરેલ છે, અને એક એવી વ્યાપક મહાન કિતાબ છે, જેનું વાંચન કરવું અથવા તેના શબ્દો અને અર્થ જાણવા ખૂબ જ જરૂરી છે, એવી જ રીતે અલ્લાહના પયગંબર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની સુન્નત, તેમની શિક્ષાઓ અને તેમના જીવન ચરિત્ર વિશે ભરોસા પાત્ર વર્ણનકર્તાઓ દ્વારા સુરક્ષિત છે, આ દરેક વસ્તુ પણ અરબી ભાષામાં જ છે, જેમાં આપ

સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ વાતચીત કરતા હતા, તેનું ભાષાતર પણ દુનિયાની ઘણી ભાષાઓમાં થયું છે, કુરઆન મજીદ અને આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની સુન્નત જ દીન જાણવા માટે એવા મજબૂત સ્ત્રોત છે, જેના દ્વારા ઇસ્લામી આદેશો અને નિર્ણય કરવામાં આવે છે, એટલા માટે ઇસ્લામ દીનને તેને માનનારાઓ તરફથી નહીં, પરંતુ અલ્લાહ તરફથી વહી કરેલ કુરઆન મજીદ અને સુન્નતને જોઈ સ્વીકારવામાં આવે.

૨૯. ઇસ્લામ માતા-પિતા સાથે ભલાઈ અને તેમની સેવા કરવાનો આદેશ આપે છે, ભલેને માતા-પિતા બિન મુસ્લિમ જ કેમ ન હોય, અને સંતાન સાથે પણ સદ્ વ્યવહાર કરવાનો આદેશ આપે છે.

30. ઇસ્લામ દુશ્મનો સાથે પોતાની વાત અને વ્યવહારમાં પણ ન્યાય કરવાનો આદેશ આપે છે.

3૧. ઇસ્લામ દરેક સર્જનીઓ સાથે સારો વ્યવહાર કરવાનો આદેશ આપે છે, અને દરેકને સારા અખ્લાક અપનાવવા અને સત્કાર્યો કરવા તરફ આમંત્રિત કરે છે.

3૨. ઇસ્લામ સારા અખ્લાક, જેમ કે સાચું બોલવું, અમાનત પુરી પાડવી, પવિત્રતા, શરમ, બહાદુરી, દાન

કરવું, લાચારોની મદદ કરવી, પીડિતની ફરિયાદ સાંભળવી અને તેની મદદ કરવી, ભૂખ્યાને ખાવાની ખવડાવવું, પાડોશી સાથે સદ્ વ્યવહાર, સંબંધ જોડવા અને જાનવરો પર દયા, જેવા સારા અખ્લાક અપનાવવાનો આદેશ આપે છે.

૩૩. ઇસ્લામે ખાવા-પીવા માટે સૌથી ઉત્તમ અને પાક વસ્તુઓને હલાલ કરી, અને શરીર, દિલ અને ઘરને પાક સાફ રાખવાનો આદેશ આપ્યો, એટલા માટે જ તેણે લગ્નને હલાલ કર્યું, દરેક પયગંબરોએ પણ આ જ આદેશ આપ્યો, કારણ કે તેઓ દરેક પ્રકારની પવિત્રતા અપનાવવાનો આદેશ આપ્યો છે.

૩૪. ઇસ્લામે દરેક હરામ કામોથી દુર રહેવાનો આદેશ આપ્યો છે, જેમ કે અલ્લાહ સાથે શિર્ક કરવું, કુફ્ર કરવું, મૂર્તિપૂજા કરવી, જ્ઞાન વગર અલ્લાહ વિશે કહેવું, સંતાનનું કતલ કરવું, અન્યાયી રૂપે હત્યા કરવી, જમીનમાં ફસાદ (ભ્રષ્ટાચાર) ફેલાવવો, જાદુ કરવું અથવા કરાવવું, જાહેરમાં અથવા છુપી રીતે બુરાઈ કરવી, વ્યભિચાર કરવું, લિવાતત (સમલૈંગિકતા) કરવી, વ્યાજનો વેપાર કરવો, મૃતક ખાવું, મૂર્તિઓના નામ પર ઝબેહ કરવામાં આવતા જાનવરના માસને ખાવું, ડુક્કરનું

માસ ખાવું, અને અન્ય દરેક ગંદી વસ્તુઓના વપરાશને હરામ કરી દીધું છે. તેમજ ઇસ્લામે અનાથોનો માલ હડપી લેવા, માપતોલમાં વધઘટ કરવી અને સંબંધ તોડવાને પણ હરામ કર્યું છે, અને દરેક પયગંબરો પણ આ દરેક વસ્તુ હરામ હોવા પર એકમત છે.

૩૫. ઇસ્લામ જૂઠ, ધોખો, ખિયાનત, હસદ, કપટ, ઈર્ષા, યુક્તિઓ, ચોરી, વિદ્રોહ, અત્યાચાર જેવા ખરાબ અખ્લાક અને દરેક પ્રકારની ખરાબ ટેવોથી રોકે છે.

૩૬. ઇસ્લામ તે દરેક લેવડ-દેવડથી રોકે છે જેમાં વ્યાજ હોય, અથવા કોઈને નુકસાન થતું હોય અથવા ધોખો, અથવા કોઈના પર જુલમ કરી લેવડ-દેવડ થતી હોય, અથવા તો જેના કારણે બજાર ઠપ પડવાનો ભય હોય અને સમાજ તેમજ સમાજના લોકો દરેકને નુકસાન થતું હોય.

૩૭. ઇસ્લામ સંપૂર્ણ રીતે બુદ્ધિની રક્ષા અને તે દરેક વસ્તુને હરામ કરવા માટે આવ્યો છે, જે બુદ્ધિને બગાડી શકે છે, જેવુ કે શરાબ પીવી, ઇસ્લામે બુદ્ધિને એક ગુણવત્તા અને પવિત્રતા આપી છે, તેને જ દરેક શરીઅત તરફથી આવનારી તકલીફોનું મૂળ ગણાવ્યું છે, અને ખોટા રિવાજો તેમજ શિર્કની સાકળથી આઝાદ કર્યા છે,

ઇસ્લામમાં એવા ભેદ અને આદેશો છે જ નહીં જે કોઈ તબક્કા માટે ખાસ હોય, તેના દરેક આદેશો અને નિયમો સાચી બુદ્ધિ પ્રમાણે અને ન્યાય પ્રમાણે છે.

૩૯. જો અસત્ય ધર્મના અનુયાયીઓ પોતાના ધર્મમાં રહેલ વિરોધાભાસને ધ્યાનથી નહીં વાંચે, જેને સાચી બુદ્ધિ સ્વીકારતી નથી, તો ધર્મના ઠેકેદારો તેમને એવા ભ્રમમાં નાખી દેશે કે દીન બુદ્ધિ અને સમજથી વંચિત છે, અને તેને સંપૂર્ણ રીતે સમજવું અશક્ય છે, એટલા માટે જ ઇસ્લામ, દીનને એક એવો પ્રકાશ આપે છે, જે સાચી બુદ્ધિ માટે માર્ગનો બંદોબસ્ત કરે છે, એટલા માટે અસત્ય ધર્મના ઠેકેદારો ઈચ્છે છે, માનવી પોતાની બુદ્ધિનો ઉપયોગ કરવાનું છોડી દે, અને ફક્ત તેમનું જ અનુસરણ કરે, જ્યારે કે ઇસ્લામ એવું ઈચ્છે છે, માનવી પોતાની બુદ્ધિને પ્રકાશિત કરે, જેથી દરેક બાબતોને તેની સત્યતા પ્રમાણે જોઈ શકે.

૩૯- ઇસ્લામ, સાચા જ્ઞાનને સમાનતા આપે છે અને તેને પ્રોત્સાહન આપે છે, આત્માની મનેચ્છાઓથી મુક્ત, વૈજ્ઞાનિક તપાસને પ્રોત્સાહન આપે છે, અને આપણી પોતાની આત્મામાં તેમજ આપણી આજુબાજુ ફેલાયેલી

સૃષ્ટિ પર ચિંતન કરવાનો આદેશ આપે છે, ઠોસ વૈજ્ઞાનિક તપાસના પુરાવા ઇસ્લામ વિરુદ્ધ નથી.

૪૦. અલ્લાહ તઆલા ફક્ત તે જ વ્યક્તિના અમલને કબૂલ કરે છે, અને તે જ વ્યક્તિને આખિરતમાં પોતાના અમલનો બદલો આપશે, જે અલ્લાહ પર ઈમાન લાવે અને તેનું અનુસરણ કરે, અને તેણે મોકલેલા દરેક પયગંબરોની પુષ્ટિ કરે, અલ્લાહ તઆલા ફક્ત તે જ ઈબાદતોને કબૂલ કરે છે, જે તેણે પોતે કરવાનો આદેશ આપ્યો હોય, આ કઈ રીતે શક્ય છે કે માનવી અલ્લાહ સાથે શિર્ક પણ કરે અને અલ્લાહ તેને સવાબ તેમજ બદલો પણ આપે? અલ્લાહ તઆલા કોઈ વ્યક્તિના ઈમાનને ત્યારે જ કબૂલ કરશે, જ્યારે તે દરેક પયગંબરો અને નબીઓ અને મુહમ્મદની પયગંબરી પર ઈમાન લાવે.

૪૧. અલ્લાહ તરફથી મળેલ દરેક આદેશોનો હેતુ એ છે કે સાચો દીન માનવીની રગમાં સમાઈ જાય, અને તે સમગ્ર સૃષ્ટિના પાલનહાર અલ્લાહનો સાચો અને દૃઢ બંદો બની જાય, ઇસ્લામ ખરેખર માનવીને માનવી, તેમજ દુષ્ટ કાર્યોની ગુલામીથી મુક્ત કરવા માટે આવ્યો છે, -જેવું કે તમે જોઈ રહ્યા છો- કોઈ પણ વ્યક્તિની

અંધભક્તિને સ્વીકારતો નથી, અને ન તો તેઓને તેમના કદથી વધારે સન્માન આપે છે, અને ન તો તેઓને ઇલાહ અને પાલનહાર બનવાની પરવાનગી આપે છે.

૪૨. અલ્લાહ તઆલાએ ઇસ્લામમાં તૌબાનો આદેશ આપ્યો, તૌબા માનવીનું પોતાના પાલનહાર તરફ રજૂ કરવા અને ગુનાહ છોડી દેવાને કહે છે, જેવી રીતે ઇસ્લામ લાવવાથી ઇસ્લામ પહેલાના દરેક ગુનાહ માફ થઈ જાય છે, એવી જ રીતે તૌબા પણ પહેલાના દરેક ગુનાહને ધોઈ નાખે છે, એટલા માટે માનવીએ કોઈ વ્યક્તિની સમક્ષ પોતાના ગુનાહોની રજુઆત કરવાની જરૂર નથી.

૪૩. ઇસ્લામમાં અલ્લાહ અને ઇન્સાન બન્નેની વચ્ચે સીધો સબંધ જોડાય છે, એટલા માટે તમને એવા કોઈ વ્યક્તિની સહેજ પણ જરૂર નથી, જે તમારી અને અલ્લાહની વચ્ચે સંબંધ જોડવાનો પ્રયત્ન કરે, ઇસ્લામ આપણને તે વાતથી સખતી સાથે રોકે છે કે આપણે આપણી જેમ જ માનવીઓને પૂજ્ય બનાવી લઈએ, અથવા અલ્લાહના પાલનહાર અને પૂજ્ય હોવામાં તેમને શરીક અથવા ભાગીદાર બનાવી લઈએ.

૪૪. આ પત્રિકાના અંતમાં અમે તે વાતનો ઉલ્લેખ કરવા ઈચ્છીએ છીએ કે લોકો સમય, કોમ, અને શહેરો

પ્રમાણે વિભાજીત છે, જો કે સંપૂર્ણ માનવ સમાજ વિવિધ પ્રકારના વિચારો અને માન્યતાઓ, હેતુઓ અને સ્થિતિઓ તેમજ કામ પ્રમાણે અલગ અલગ જૂથોમાં વહેંચાયેલા છે, તો આ સ્થિતિમાં એક એવા માર્ગદર્શકની જરૂર છે, જે તેમને યોગ્ય માર્ગદર્શન આપી શકે, એવા બંધારણની, જે તેમને એક કરી શકે, અને એક એવા નિર્ણાયકની, જે તેમની રક્ષા કરી શકે, પયગંબરો આ પવિત્ર હેતુઓને અલ્લાહની વહી દ્વારા ખૂબ જ સારી રીતે સમજાવતા હતા, તેઓ લોકોને સાચા માર્ગ અને હિદાયત તરફ માર્ગદર્શન આપતા હતા, તેઓને અલ્લાહની શરીઅત પર એકઠા કરતા હતા, અને તેમની વચ્ચે સત્ય અને અસત્ય વચ્ચે નિર્ણય કરતા હતા, એવી રીતે જે લોકો તે પયગંબરોની વાત માનતા હતા, તે પ્રમાણે જ તેમના સમસ્યાઓનો સ્પષ્ટ હલ નીકળતો હતો, ફરી અલ્લાહના આદેશો ઉતારવાનો સમય જેનાથી જેટલો નજીક હોતો તેઓ પણ તે જ સચોટ માર્ગદર્શન પર હોતા, પરંતુ હવે તો અલ્લાહ તઆલાએ પયગંબરોને મોકલવાની શ્રૃંખલાનો અંત મુહમ્મદ પયગંબર દ્વારા પૂર્ણ કરી દીધો, હવે તેમના માટે જ હંમેશા રહેવાનો નિર્ણય કરી દીધો, તેમને જ લોકોની હિદાયત માટે રહમત અને

પ્રકાશ અને અલ્લાહ સુધી પહોંચવા માટેનો માર્ગને ફક્ત એક જ માર્ગદર્શક બનાવી દીધા.

૪૫. એટલા માટે હે માનવી! હું તમને અંધ ભક્તિ તેમજ દુષ્ટ કાર્યો છોડી દેવા અને અલ્લાહ તઆલા માટે સાચા દિલ અને સાચા મનથી ઉભા થવાની નિખાલસતા સાથે દાવત આપી રહ્યો છું, યાદ રાખજો! તમે મૃત્યુ પછી પોતાના પાલનહાર પાસે જ પાછા ફરવાના છો, હું તમને તે વાત તરફ પણ આમંત્રિત કરી રહ્યો છું કે તમે પોતાના દિલ અને મનમાં જુઓ, અને પોતાની આજુબાજુ સૃષ્ટિ અને લોકોમાં ચિંતન-મનન કરી ઇસ્લામનો સ્વીકાર કરી લો, દુનિયા અને આખિરત બન્નેમાં ખુશી અને નેઅમતો તમારી રાહ જોઈ રહી છે, જો તમે ઇસ્લામમાં પ્રવેશ કરવાની ઈચ્છા ધરાવતા હોવ, તો તમારે બસ એટલું જ કરવું પડશે કે તમે એ વાતની સાક્ષી આપો કે અલ્લાહ સિવાય કોઈ સાચો ઇલાહ (પૂજ્ય) નથી, અને મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ અલ્લાહના પયગંબર અને તેના બંદા છે, પછી તમારે તે દરેક વસ્તુને છોડવી પડશે જેને તમે અલ્લાહ સિવાય પુજો છો, તમારે તે વાત પર ઈમાન લાવવું પડશે કે અલ્લાહ તઆલા દરેક લોકોને કબરો માંથી જીવિત કરી ઉભા કરશે, અને તે વાતનો

એકરાર કરવો પડશે કે હિસાબ અને બદલો જરૂરથી આપવામાં આવશે, આટલું કરી લેવાથી તમે મુસલમાન બની જશો, અને પછી તમારે અલ્લાહએ નક્કી કરેલ ઇબાદતો કરવી પડશે, જેમ કે નમાઝ, ઝકાત, રોઝા અને જો સક્ષમ હોય તો હજ.

# અનુક્રમણિકા

ઇસ્લામ.......................................................................... 2
પવિત્ર કુરઆન અને અલાહના પયગંબર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની સુન્નતના પ્રકાશમાં ઇસ્લામનો પરિચય આપતી એક સંક્ષિપ્ત પત્રિકા.......................................................... 2

gu271v1.0 - 03/09/2026